# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-11-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM KRUSHI SURVEY

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યમાં ચાલી રહેલા કૃષિ સરવેના કામની સમીક્ષા કરવા બેઠક યોજાઈ. તેમાં કમોસમી વરસાદ બાદ નુકસાન અંગે ચર્ચા કરવામાં આવી. બેઠકમાં. અધિકારીઓએ સરવેની વર્તમાન સ્થિતિ અને કામ અંગે માહિતી રજૂ કરી. કૃષિમંત્રી જિતુ વાઘાણી અને કૃષિ રાજ્યમંત્રી રમેશ કટારાએ પણ સરવે સંબંધિત મુદ્દાઓ પર પોતાના અભિપ્રાય આપ્યા.

. . . . . . . . . . . . .

# CM DISTRICTS VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લાની મુલાકાત લેશે. દરમિયાન તેઓ તાજેતરના કમોસમી વરસાદથી અસરગ્રસ્ત આ જિલ્લાઓની સ્થિતિનું નિરીક્ષણ કરશે. શ્રી પટેલ ગીર સોમનાથના કોડીનાર તાલુકાના કડવાસણ અને જુનાગઢ જિલ્લાના માળિયા તાલુકાના પાણીદ્રા ગામોના અસરગ્રસ્ત ખેડૂતો સાથે પ્રત્યક્ષ વાતચીત પણ કરશે. આ દરમિયાન કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયા અને ડૉ. પ્રદ્યુમન વાજા તથા રાજ્યમંત્રી કૌશિક વેકરીયા પણ જોડાશે.

. . . . . . . . . . . . .

# SEMICONDUCTOR MEETING

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ તથા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે રાજ્યના ચાર સૅમિ-કન્ડક્ટર પરિયોજનાની સમીક્ષા અંગે બેઠક યોજી. ગાંધીનગરમાં યોજાયેલી આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત અન્ય મંત્રીઓ પણ ઉપસ્થિત રહ્યા. તેમાં રાજ્યમાં ચાલતી અન્ય મહત્વની પરિયોજના અંગે ચર્ચા કરવામાં આવી. તેમજ બૂલેટ ટ્રેન પરિયોજના અને સેમિ-કન્ડક્ટર ઉત્પાદન પ્લાન્ટ સહિતના મુદ્દા પર વિશેષ ધ્યાન અપાયું.

આ પ્રસંગે શ્રી વૈષ્ણવે સૅમિ-કન્ડર ઉત્પાદન ઉદ્યોગને ભારતના વિકાસ માટે મહત્વના ગણાવ્યા. તેમણે કહ્યું, આગામી દિવસોમાં ત્રણ પ્લાન્ટમાંથી સેમિ-કન્ડક્ટરનું ઉત્પાદન શરૂ થશે. જ્યારે ધોલેરા પ્લાન્ટ અંગે પ્રગતિ સાથે કામગીરી ચાલી રહી હોવાનું પણ શ્રી વૈષ્ણવે ઉંમેર્યું. તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયાસથી આ ક્ષેત્રમાં ઝડપી વિકાસ થવાની આશા વ્યક્ત કરી હતી.

. . . . . . . . . . . . . .

# WEATHER FORECAST

આગામી બે દિવસ બાદ વરસાદી માહોલમાંથી સંપૂર્ણ રાહત મળશે. જોકે, આજે સમગ્ર રાજ્યમાં સામાન્ય વરસાદ થવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં આજે ગાજવીજ સાથે સામાન્ય વરસાદ રહેશે જ્યારે આગામી 24 કલાક દરમિયાન ભારે પવન

ફૂંકાવાની પણ સંભાવના હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

(બાઇટ : ડૉ.એ.કે.દાસ)

. . . . . . . . . . . . .

# GIR SOMNATH SURVEY

ગીરસોમનાથ જિલ્લામાં ખેતીવાડી વિભાગની 49 ટુકડી દ્વારા પાક નુકસાનના સરવેની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જ્યારે કોડિનાર, સૂત્રાપાડા અને ઉના તાલુકામાં 100 ટકા સરવે પૂર્ણ થઈ ગયો છે. તો તાલાળાના 35, વેરાવળના 40 અને ગીરગઢડાના 50 ગામમાં 86 ટકા સરવે કરાયો છે.

ઇન્ચાર્જ જિલ્લા ખેતીવાડી અધિકારી વિમલ પટેલે જણાવ્યું, ગત અઠવાડિયામાં જિલ્લામાં 10 ઇંચ જેટલો કમોસમી વરસાદ થયો હતો. તેના કારણે જિલ્લાના 345 ગામના ખેડૂતોને મગફળી, સોયાબીન અને કપાસ થઈ કુલ એક લાખ 46 હજાર 364 હેક્ટરમાં અસર થઈ છે. ખેતીવાડી વિભાગ દ્વારા 49 ટુકડીના માધ્યમથી કૃષિ સંલગ્ન 100-થી વધુ કર્મચારીઓ આ કામગીરીમાં જોડાયા છે.

. . . . . . . . . . . . .

# AMDAVAD INDORE FLIGHT

અમદાવાદથી મધ્યપ્રદેશના ઇન્દોર વચ્ચે પહેલી અંતર્દેશીય ઉડાનનો શુભારંભ થયો. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતર-રાષ્ટ્રીય વિમાનમથકથી શરૂ થયેલી આ નવી સેવા સાથે મુસાફરોને ઇન્દોર પહોંચવામાં વધુ એક સુવિધા મળશે.

નવી ઉડાન ધંધા-ઉદ્યોગ માટે મુસાફરી કરતા લોકો અને પર્યટકો માટે આ સુવિધા ઉપયોગી બનશે તથા બંને શહેર વચ્ચેની વાહનવ્યવહાર સુવિધાને વધુ મજબૂત બનાવશે.

. . . . . . . . . . . . .

# MEHSANA TECHNOLOGY

મહેસાણા મહાનગરપાલિકાના મુખ્ય રસ્તાઓ આજથી ઇટાલીની ટેકનોલોજી આધારિત યંત્રથી સાફ કરાશે. અંદાજે 80 લાખ રૂપિયાના ખર્ચે ખરીદાયેલું આ યંત્ર શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર સતત 7 કલાક સુધી સફાઇ હાથ ધરશે. આ યંત્ર પાંચ કિલોમીટરની ઝડપે દિવસ દરમિયાન 40 કિલોમીટરના રસ્તાઓ સ્વચ્છ કરશે.

. . . . . . . . . . . . .

# GANDHINAGAR BJP

ગાંધીનગરમાં ભારતીય જનતા પાર્ટીની પ્રશિક્ષણ કાર્યશાળા યોજાશે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે નગરગૃહ ખાતે યોજાનાર કાર્યશાળામાં પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત તમામ ધારાસભ્યો, જિલ્લા ભાજપ પ્રમુખો તથા પ્રભારીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યશાળામાં વિશેષ સઘન સુધારણા-SIR અંગે ચર્ચા કરાશે.

. . . . . . . . . . . . . .